# મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી ડી.જે.ઠાકર સુરત સમક્ષ.

**ટી અરજી નં. ૬૨૪/૨૦૦૬**

**આંક : ૬**

**અરજદાર** : પ્રેમકુમાર બંધુ ઉગલે
રહે. રૂમ નં. ૨૯, નરગીશનગર, ભીડી બજાર,
ઉન પાટીયા, સુરત.
c/o સુરત સિલ્ક લેબર યુનિયન,
૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
રીંગ રોડ, સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : માલિકશ્રી,
વૈશાલી સીલ્ક મીલ્સ પ્રા. લી.
ઠે. પ્લોટ નં. ૨૯૦/૧, રોડ નં. ૨,
સચીન જી.આઈ.ડી.સી., સચીન, સુરત

**પ્રતિનિધિત્વ** : અરજદાર તરફે પ્રતિનિધિ શ્રી દિપકભાઈ પીપરોડીયા
સામાવાળા તરફે વિધ્વાન વકીલશ્રી યશવંત બી. રાઠોડ

## બી.આઈ.આર. એકટ ૧૯૪૬ ની કલમ–૭૮–૭૯ મુજબની અરજી

## –: ચુકાદો :–

**(૧)** અરજદારે આ અરજી રજુ કરી તા. ૧૬/૦૨/૨૦૦૬ થી મૌખિક હુકમથી છૂટા કરવાનું સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા અરજી કરેલ છે.

(૨) આ કામે સામાવાળા સંસ્થાને નોટીસ કાઢવામાં આવેલી અને જે તેઓને બજી ગયેલ છે. સામાવાળા તરફે તેમના વકીલશ્રી યશવંત બી. રાઠોડે હાજર થઈ તેમનું વકીલાતનામું આપેલ છે. ત્યારબાદ સામાવાળા તરફ તેઓ તેમના વકીલશ્રી મારફત હાજર રહી પોતાનો જવાબ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. ત્યારબાદ બંને પક્ષના વકીલશ્રીઓ હાજર છે પરંતુ અરજદારનો પુરાવાનો સ્ટેજ ઘણા લાંબા સમયથી ચાલતુ હોય અરજદારનો પુરાવાનો હકક બંધ કર્યો. ત્યારબાદ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તથા સામાવાળાનો દલીલનો હકક બંધ કરી સદર કામ હુકમ પર લીધું. આમ અરજદાર તથા સામાવાળાની સતત ગેરહાજરીના કારણે તેઓને કેસ ચલાવવામાં રસ ન હોય તેવું જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવો ન્યાયિક અને યોગ્ય જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

આથી અરજદારની અરજી સતત ગેરહાજરી તથા પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સુરત

તા. ૧૭/૦૨/૨૦૧૮

**(ધીરેન જગદીશભાઈ ઠાકર)**
**U.I.C.NO.GJ00748**
ન્યાયાધીશ,
મજુર અદાલત ,સુરત.